સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરખાનું મુખપત્ર

શ્રી સ્વામિનારાયણ ચિંતન

માર્ચ - ૨૦૧૦
બે વર્ષ લવાજમ રૂ.૧૨૦/-

૩૭માં જન્મોત્સવે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના
હૃદયસમ્રાટ પ.પૂ. લાલજી મહારાજશ્રીને
હૃદયપૂર્વક સર્વે ભાવિકજનોની ભાવપુષ્પાંજલી...

સુરત શહેરને આંગણે ઉજવાયો
પ.પૂ. લાલજી મહારાજશ્રીનો
૩૭ મો જન્મોત્સવ

ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ દ્વારા ભક્તિભાવપૂર્વક ભાવ-અર્ઘ્ય અર્પણ કરવા માટે

સુરત શહેરને આંગણે ઉજવાયેલ સૌના હૈયાના હાર પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૩૭મો જન્મોત્સવ...

:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::

શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૫, અંક :- ૯, તા. ૨૦-૦૩-૧૦

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

તંત્રી : સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોબર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

બે વર્ષ	: રૂ. ૧૬૦/-
પંચવાર્ષિક	: રૂ. ૩૫૦/-
પચ્ચીસ વર્ષ	: રૂ. ૭૫૦/-
પરદેશમાં લવાજમ	: $ 200 U.S.A.
	: £ 100 U.K.

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhadham.org
www.swaminarayanvadtalgadi.org
E-mail : chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com

"વ્હાલા લાગે વાલપના વેણ..."

"...આજે અમારા વતી ભગવાન શ્રી સ્વામિનારાયણને ચોક્કસ તમે બધા પ્રાર્થના કરજો કે, 'અમારા હૃદયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસનાનું બળ છે એ ક્યારેય અધર્મ, વિમુખ કે અસુરો સામે ઝૂકે નહિ. અને અમારા હાથથી, અમારા કાર્યથી કે અમારા વચનથી કોઈ સાચા સંતનું હૃદય ન દુભાય - આ બે પ્રાર્થના જરૂર કરજો.'...

પ. પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
(૩૭મો જન્મોત્સવ - વડોદારા, તા. ૭-૩-૨૦૧૦)

:: અનુક્રમણિકા ::

1 પ.પૂ. લાલજી મહારાજશ્રીને ભાવપુષ્પાંજલિ... ૦૪
2 સંપ્રદાયના લાખો હરિભક્તોની નતમસ્તકે કોટિ કોટિ વંદના... ૦૬
3 સુરતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનો જયજયકાર... ૦૮
4 ચલે ગજ બૈઠકે પ.પૂ. લાલજી મહારાજશ્રી સુરત શહેરમાં... ૧૦
5 નૃત્ય દ્વારા સ્વાગતપૂજન... ૧૨
6 મહાનુભાવો દ્વારા ભાવપુષ્પાંજલિ... ૧૩
7 પ.પૂ. લાલજી મહારાજશ્રીના અંતરના આશીર્વાદ... ૧૪
8 મહાનુભાવો દ્વારા અભિવ્યક્ત શબ્દપુષ્પાંજલિ... ૧૬
9 જન્મોત્સવ ઉજવણી... ૧૮
10 પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંગે રંગભીનો રંગોત્સવ... ૨૦
11 પ્રસાર-માધ્યમોની નજરે..,૩૭મો જન્મોત્સવ... ૨૨
12 વડોદરામાં ઉજવાયો ૩૭મો જન્મોત્સવ... ૨૩
13 સત્સંગ સમાચાર... ૨૬
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - સરધાર
13 પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો... ૩૩
- સંકલિત

લેખન-રજૂઆત : સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા. ખુશાલ ભગત
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

૩૭મા જન્મોત્સવે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના લાખો જનોના
હૃદયસમ્રાટ, કરોડોના કલ્યાણકારી, તારણહાર, ધર્મકુળમુગટમણિ

પ.પૂ. લાલજી મહારાજશ્રીને હૃદયપૂર્વક ભાવપુષ્પાંજલિ...

ગુ ણલા ગાઈએ આપના આજે, શ્રીજીકૃપાના પ્રદાતા આપ જેવા; સમર્થ અમારા લાલજી...!!
રુ માલમાં વીંટી સુગંધ ઓ નાથ, સુવાસમય જીવન પ્રસારી હેતના; ચોમેર એ વ્હાલજી...!!
વ રણ સઘળાં આપની સાથ, ચાલ્યા છો ભક્તિસંગ જીવન જંગનો; ઉઠાવી તમે ભારજી...!!
ર્ય નો પર્યાય બની અમ કાજે, કર્મયોગની સરળ ધર્મને મર્મ; સમજાવતાં ઓ ભાઈજી...!!
પૂ ર્ણ પુરુષોત્તમ શ્રીહરિને પ્યારા, નૃગેન્દ્ર એવા સુપુષ્પથી બન્યા; છો તમે હૈયાના હારજી...!!
નૃ ગ પિતા-પુષ્પ સહ સદાનંદ આપે, ભવાટવીમાં પણ નિત્ય બની રહેજો; તમે અમારા વરદાનજી...!!
ગે બી શક્તિથી સંચિત મન સાબુત, દિવ્યજીવનથી પરિમાર્જીત રહે એવા; અમારા જ્ઞાનદાનજી...!!
બ્ર ને સદા ઈન્દ્ર શી આભા સાંપડે, એવા શ્રદ્ધેય શ્રીજીના લાડકાં; અમારા હૈયાના શ્યામજી...!!
પ્ર થમ દિલમાં વસી જીભે સરસ્વતી, હૃદયમાં ભરી હેતને સૌ કાજ વર્ષાવે; અખંડ દિ'ને રાતજી...!!
સા દ વ્હાલો વળી ગ્રીવા મધ્યમાળ, હસ્તે માળા શ્રીહરિની મનમાં; રટે શ્રી ઘનશ્યામજી...!!
દ રમાં ઘુસ્યા કંસ સમા કંકાસીયા, એ અવિગતિયાના સંહાર કાજ; પ્રગટ્યા હશો સુજાણજી...!!
ભા હાભાગ્ય સ્વરૂપે આવી આ ઘડી, ભક્તવત્સલ ભેટ્યા વ્હાલા ગુરુ; તમેજ અમારા છો ભાગ્યજી...!!
હો ર સમા હૃદય મન ભાવથી, અનુપમ ભક્તિ સમર્પીએ તવ ચરણે; ઓ જીવના આધારજી...!!
રા ખી શ્રદ્ધા કરીએ ચિંતન લાડની, ફાગણ વદ પંચમીએ હેતપૂર્ણ અમે વંદીએ; તમો છો મહાનજી...!!
જ પ સ્મરણ હો નિત્ય ઝંખીએ, ગુરુચરણ અને શરણમાં જ રહેવું સદા; એ અમારો ભાવજી...!!

પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શ્રીચરણોમાં કોટિ કોટિ વંદનપૂર્વક સમર્પિત,

આપના ગુણાનુરાગી

ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ

પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૩૭મા જન્મોત્સવે સંપ્રદાયના સેંકડો હરિભક્તોની નતમસ્તકે

કોટિ કોટિ વંદના...

ધરતી ધ્રૂજી....!!

માનવ બન્યો પાજી...!!

દાનવને ઈતરાજી..!! દેવો બન્યા અભિશ્રાપી...!!

ઘોર કળિયુગની પરાકાષ્ટાએ પ્રત્યેક સમાજ-દેશ-પ્રજાના સાહજીક વર્તનમાં **ભારે પરિવર્તન** આવી ગયાનું અનુભવાય છે ત્યારે હૈયું **થડકાટ** અનુભવે છે. અસ્તિત્વ જોખમાતું લાગે છે અને હૃદયમાંથી અરેરાટીનો ચિત્કાર સંભળાય છે.

સ્વાભાવિક રીતે જ આવા દિશાશૂન્ય સમયે માનવીને સૃષ્ટિના સર્જનહાર-પાલનહારની **કૃપાદૃષ્ટિ** અને **સંરક્ષણ પ્રાપ્તિનો મર્મ** સમજાય છે.

વિનાશની દિશામાં ઝડપથી આગળ વધી રહેલા આસુરી તત્ત્વો, આ પૃથ્વીને નષ્ટ કરવાના તેમના ખતરનાક ઈરાદાઓમાં સફળ થાય તે પૂર્વે કોઈ એક **દૈવત્વયુક્ત મહાપુરુષ**ની, સમયાધીન ઉપાધિઓથી ગ્રસિત-ભ્રમિત માનવીઓના, સમાજને આવશ્યકતા જણાય છે.

ગુજરાતના બહુ પ્રભાવી અને પ્રસરિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ સ્થિત ભગવાન શ્રી સ્વામિનારાયણના આઠમા વંશજ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના પુણ્ય સંયોગે તેમને ઘેર આજથી ૩૬ વર્ષ પૂર્વે આવા જ **બત્રીશ લક્ષણા સુપુત્ર** અને **અનુગામી વારસદાર**નું ફાગણ વદ **રંગપંચમી**ના **શુભદિને** પ્રાગટ્ય થયું...!!

વહેલી સવારે ૪.૪૫ કલાકે (પોણા પાંચ વાગ્યે) બ્રાહ્મમુહૂર્તમાં સંસાર સાગરના અનેકવિધ સંયોગોમાંથી આશ્રિતજનોને સાંગોપાંગ ભવપાર ઉતારવાના **શુભ સંકલ્પ** સાથે જ પ્રગટેલા લેખાતા, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના લાખો હરિભક્તોના **લાડિલા લાલ** અને

લાખો યુવક-હૃદયના ધબકાર **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના અવતરણથી સર્જાયેલ એ અદ્‌ભુત ક્ષણ, આજે વાસ્તવિકતાના રૂપમાં **સેંકડો અરમાનોના રક્ષક-સંરક્ષક**ના રૂપમાં સમાર્જીત થતી જોઈ શકાય છે.

પુરાણકાલીન પ્રહ્લાદ અને હોલિકાના સત્ય-અસત્યના પારખાના પ્રેરક ઉદાહરણરૂપ હિન્દુધર્મમાં ઉજવાતા હોળી-ધૂળેટીના તહેવારની પૂર્ણાહુતિ પછી તુરંત જ..., આ અવની પર ઘેરાયેલા આફતના વાદળોને હટાવવાનું મુખ્ય કાર્ય હાથ ધરવાનું પ્રયોજન હોય તેમઆ પ.પૂ. લાલજી મહારાજશ્રીના પક્ષે માનવસહજ સમજ આવતાં પાંચ અને આઠ વર્ષની નાની વયથી જ સત્સંગનો સંયોગ ઉદ્‌ભવ્યો. અને ધર્માનુચરણના પાલન-પાલક બની રહેવાની તકો સર્જાઈ.

પ.પૂ. લાલજી મહારાજશ્રીને વિધિવત સાંપડ્યું નામ... એવા તત્કાલીન **વૈદિક સંસ્કારોથી ભૂષિત** પ.પૂ. લાલજી મહારાજશ્રી બન્યા **'શ્રી નૃગેન્દ્રપ્રસાદજી'**.

'नृन् गमयन्ति ईति नृगाः ! तेषु ईन्द्र इति नृगेन्द्रः ।' - શાસ્ત્રમાં જેના ભાવાર્થ પ્રમાણે અત્યધિક લોકપ્રિય મનુષ્યોમાં પણ શ્રેષ્ઠત્તમ એવા અસ્તિત્વ ધારકને **'નૃગેન્દ્ર'** લેખાય છે. અર્થાત્ પ.પૂ. લાલજી મહારાજશ્રીને પ્રાગટ્યના દ્વાદશ દિને સાંપડેલી માનવ ઈંગિત ઓળખ આજે સાડા ત્રણ દાયકા પછી યથાર્થ નીવડતી અનુભવાય છે.

પિતૃ-માતૃ બંને પક્ષે ભવ્યાતિભવ્ય **સંસ્કાર-સંસ્કૃત** વારસાને જાળવવાની **જવાબદારી** લઈને પ્રગટેલા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ નાનકડી વયથી જ **વિરાટ લક્ષ** તરફ પ્રયાણ કર્યું. તેનું પ્રમાણ આજે તેઓશ્રીના દૈવત્વથી ઓપતા ઋજુ સહવાસથી સેંકડો લોકો અનુભવી શક્યા છે. તેમાં લેશ આશંકા નથી.

પ.પૂ. દાદાશ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની સ્વપ્નશીલ સંકલ્પનાઓના સાકાર સ્વરૂપે તેઓનું પ્રાગટ્ય **તા. ૧૪-૩-૧૯૭૪**ના રોજ થયું. પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાગટ્ય પૂર્વે મોડી રાત્રે જ ગુજરાતમાં ઘણા વખતથી ચાલતું **'નવનિર્માણ આંદોલન'** સંકેલી લેવાયું અને તત્કાલીન નીતિવિહોણા શાસકોના ત્રાસરૂપ શાસનમાંથી પ્રજાને **મુક્તિ મળ્યાનો આનંદ** ઠેર-ઠેર ઉજવાતો હતો.

કેવો દિવ્ય સંકેત...!!!

ફટાકડાં ફૂટતા હોય, અબીલ-ગુલાલની છોળો ઉડતી હોય, મીઠાઈ વહેંચાતી હોય... એ **રંગપંચમીના પુણ્ય પ્રભાતે** પ્રાગટ્ય હોય કે જ્યારે પ્રજાના મનમાં ચારેકોર આનંદ-આનંદ વર્તાતો હોય...!!

અખબારી મથાળા પર... **'અસત્યના સામે સત્યના વિજય'**ની આલબેલ પોકારાતા હોય...!!

લગભગ ગુજરાતભરના મંદિરોના રંગપંચમીના દિવસે, રંગોનો વરસાદ થતો હોય, માખણ-મીસરી અને માનભોગની મીઠાશ વહેંચાતી હોય..., એવી રૂડી ક્ષણે આંખ ખોલીને આ દુનિયાના અટપટા રાજકારણ, સમાજકારણ અને સ્વાર્થકારણને સમજી પચાવી, તેને ઠીક-ઠીક કરવાની બાલસહજ ચેષ્ટારૂપ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પ્રાગટ્ય જ, જાણે એક **નવસર્જન**ની **વાત** લઈને આવેલું એવી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગ પ્રેમી અને પરિવારજનોએ અનુભવ્યું છે. અને સાચે જ તે ઘડીને આજનો દિવસ સાડા ત્રણ દાયકાની જીવન સાફલ્યની ક્ષણો વિતાવી પૂર્ણપુરુષરૂપે **એક મહાસમર્થ પરિવારના પનોતા પુત્ર** પ.પૂ. લાલજી મહારાજશ્રી **અનેકવિધ ક્ષેત્રે** અનેકાનેક સિદ્ધિઓનો **સરવાળો** સાધી માનવસહજ નબળાઈઓની **બાદબાકી** કરી, સંપ્રદાય અને ધર્મના અંતરાયરૂપી તત્ત્વોનો **ભાગાકાર** કરવાના **ગુણો**ને વિકસાવી, એક આશાસ્પદ નેતૃત્વરૂપે ઉભરાતાં ઓજસના ભાવિકોને અમીરૂપે અને આતંકિત આતાતાયીઓને પણ અનુગ્રહ સભર કરુણાદ્ર છતાં ભયજનક સ્વરૂપે સંસ્પર્શ કરાવ્યાની લાગણી આજે લાગતાં-વળગતાં સૌ કોઈ અનુભવી જ રહ્યા છે.

સમયની સાથે અને પાસે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પ્રમાદ સેવ્યા વગર પોતાના કર્તવ્યપંથે **વિદ્વત્તાપૂર્ણ અભ્યાસ** પ્રાપ્તિ, **આવશ્યક ઉપાધિઓ** અને એક સફળ **ધર્મપ્રસિદ્ધ વ્યક્તિત્વ**માં હોવી જોઈતી **સઘળી સિદ્ધિઓ** અંગીકૃત કરી **સમર્થ અસ્તિત્વ**ને સાધી લીધું હોય તેમ લેખવામાં જરાય અતિશયોક્તિ નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સીધી લીટીના વારસદાર તરીકે નિયુક્ત થયેલા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**માં સમયાંતરે બાળ-કિશોર અને યૌવનવસ્થાના સઘળા વાનાને (ભાવોને) પાર કરી, **પૂર્ણ પુરુષ** બનવાની સઘળી સાનુકુળતાઓ માર્ગે પથરાયેલી જ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આદર્શો, સિદ્ધાંતો અને તેમના ભવ્ય વારસાને જાળવી રાખવાની પૂર્ણ ક્ષમતાના ધારક **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આજના શકવર્તી દિવસે તેઓશ્રીની ઊર્ધ્વગામી દૈવત્વયુક્ત **ક્ષમતા** સમગ્ર સંપ્રદાયના ઉત્થાનમાં **સવિશેષ કલ્યાણકારી અને યશદાયી નીવડે** તેવી ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં **શતશઃ પ્રાર્થના સહ...**, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સેંકડો અને લાખો હરિભક્તોની **નતમસ્તકે** પ.પૂ. લાલજી મહારાજશ્રીના **૩૭મા જન્મોત્સવે કોટિ કોટિ વંદના...**

ખુબસુરત એવા સુરત શહેરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનો

જયજયકાર...

અનેકવિધ ઉત્સવો એ આપણી **આર્યસંસ્કૃતિનું આગવું લક્ષણ** છે, **ઉત્સવો**માં સંતપ્ત મનને પણ હાશ અને હળવાશ મળે છે, નિરાશા ખંખેરાઈને હતાશ હૈયામાં નવા પ્રાણનો સંચાર થાય છે, ભાવનાની ભીનાશ અનુભવાય છે, અંતરના આવેગો શાંત થાય છે અને મલિન વિચારોની વિકૃતિ દૂર થાય છે.

માટે.... એવો **અદ્‌ભુત અને દિવ્ય મહોત્સવ** એટલે? એ મહોત્સવને ઉજવવા આપણા અંતર અધીરા બન્યા હતાં ! ઉરનો આનંદ ક્યાંય સમાતો નહોતો !, યુવાનો થનગની રહ્યા હતાં !, આબાલ-વૃદ્ધ સૌના મનનો મોરલિયો નાચી ઝૂમી રહ્યો હતાં ! સેંકડો ભક્તજનોની ભાવનાને મૂર્તિમંત સાકાર સ્વરૂપ આપતો **મહામૂલો અવસર** એટલે...

સત્સંગ સંપોષક સંવર્ધક, સત્સંગ શિરોમણી, ધર્મકુળ ભૂષણ આપણા સૌના પ્રેરણાદાતા, લાખો યુવક-હૃદયના ધબકાર, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સુવાસને યુગપ્રભાવી કરનાર શ્રીજીમહારાજના આઠમા વંશજ **પ.પૂ. સનાતન. ધ.ધુ. ૧૦૦૮ શ્રી સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** પનોતા સત્પુત્ર, અનુગામી અને વારસદાર, રંગપંચમીના પુણ્ય પ્રભાતે પ્રગટેલા પારમાત્મા સ્વરૂપ લાડિલા લાલ પ.પૂ. **૧૦૮ શ્રી ધર્મકુળ** મુગટમણિ **શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** નો **'૩૭મો જન્મોત્સવ સહ રંગભીનો રંગોત્સવ...'** વાત્સલ્ય મૂર્તિ કરુણાવરુણાલય

સર્વાવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દક્ષિણ વિભાગ વડતાલ સંસ્થાન પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી **સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'**ના ઉપક્રમે **પ.પૂ. લાલજીમહારાજ ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**નો દિવ્ય અને ભવ્ય **'૩૭મો જન્મોત્સવ'** અને સાથે સાથે આપણા સૌના હૃદયને ભક્તિના રંગે રંગતો **'રંગપંચમીનો રંગોત્સવ'** તા.૫-૩-૨૦૧૦ ફાગણ વદ - ૫(રંગપંચમી)ના પવિત્ર દિવસે **સુરત શહેર**ને આંગણે ફક્ત ૧૧ દિવસ અગાઉના પરિશ્રમ પછી ભવ્યાતિભવ્ય અને ખૂબજ ધામધૂમ તેમજ અંતરના ઉમંગ-ઉત્સાહથી **ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ**દ્વારા ઊજવવામાં આવ્યો હતો.

આ જન્મોત્સવને ભક્તિભાવપૂર્વક વધાવવા અને **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના શ્રીચરણોમાં કૃતજ્ઞતાપૂર્વક **ભાવ-અર્ઘ્ય** અર્પણ કરવા દેશભરમાંથી **ત્રણ લાખથી વધારે ભક્તસમુદાય** ઉમટ્યો હતો.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવની સાથે સાથે...

આ મહોત્સવની જાહેરાત માટે સુરત શહેરની સાથે સાથે પુરા ગુજરાતમાં ૫૦૦૦થી વધારે **હોર્ડિંગ** બોર્ડ લગાડવામાં આવ્યા હતાં.

આ મહોત્સવનું લાઈવ પ્રસારણ **'સાધના' ચેનલ**ના માધ્યમથી ભારત સહિત વિશ્વના ૧૫૬ દેશોમાં તા. ૫-૩-૨૦૧૦ના રોજ સાંજે ૫-૩૦ થી ૯-૩૦ સુધી **લાઈવ** કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવની દિવ્યતા વધારવા માટે આકાશમાર્ગે **વિમાનના માધ્યમથી** શોભાયાત્રા પર **પુષ્પવૃષ્ટિ** કરવામાં આવી હતી.

આ મહોત્સવની સાથે સાથે, **તા. ૨-૩-૨૦૧૦** થી **૪-૩-૨૦૧૦** સુધી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** - વડતાલ (હાલ-સરધાર) તેમણે ખૂબજ ઉત્સાહપૂર્વક **'ત્રિદિનાત્મક'** વ્યસનમુક્તિ અને ભાઈચારા-માનવતાના અદ્‌ભુત પાઠોસભર **જ્ઞાનયજ્ઞરૂપી કથામૃત**નું ગીત-સંગીતનાં તરંગોના કલરવ સાથે પોતાના શ્રીમુખે સુમધુર વાણીથી **રસપાન** કરાવ્યું હતું.

આ મહોત્સવ પ્રસંગે **સામાજીક સુખાકારી લક્ષી** બ્લડડોનેશન કેમ્પ, સર્વનિદાન કેમ્પ વગેરે પ્રવૃતિનું પણ કાર્ય કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા ભક્તોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

ચલે ગજ બૈઠકે

પ.પૂ. લાલજી મહારાજશ્રી સુરત શહેરમાં...

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રાણપ્યારા પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૩૭મા જન્મોત્સવ પ્રસંગે તેઓશ્રીનું વિશાળ ભક્તમેદની સાથે સુરત શહેરના મુખ્ય માર્ગો પર ભવ્ય શોભાયાત્રા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રાના દર્શન કરવા માનવ મહેરામણથી સુરત શહેરના માર્ગો સાંકડા પડ્યા હતાં તેમજ ભવ્ય મહાલયોની અટારીઓ પણ નાની પડી હતી. આ શોભાયાત્રામાં મહોત્સવના બેનર સાથે પેડલસાઈકલો, ધ્વજધારી મોટરસાઈકલો, ઘોડાગાડી-ઊંટગાડીઓ, અશ્વધારીઓ, નૃત્યમંડળીઓ, બેન્ડબાજાઓ, ડી.જે સાઉન્ડ સીસ્ટમો, ધૂનમંડળીઓ અને લાખો હરિભક્તોની વચ્ચે અને લગભગ ત્રણ કિલોમીટરથી પણ વધારે લાંબી આ શોભાયાત્રામાં નવગજા ગજરાજ ઉપર વિરાજમાન પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન કરી સૌ કોઈ અક્ષરધામના અધિકારી બન્યા હતાં. શોભાયાત્રા તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીને વધાવવા આકાશમાર્ગે વિમાનના માધ્યમથી પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી.

પ.પૂ. લાલજી મહારાજશ્રીનું

તલવાર રાસ નૃત્ય દ્વારા સ્વાગત-પૂજન...

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ કલાત્મક સુશોભિત સભામંડપમાં આગમન બાદ 'બૈઠે ધર્મકુમાર ઘનશ્યામ શોભા છાંઈ રહી...' એ કીર્તન શબ્દોથી પ.ભ. શ્રી હરિકૃષ્ણ પટેલે પોતાના સુમધુર કંઠે અને શ્રી લક્ષ્મીનારાયણ દેવ રાસ મંડળ - રાજકોટના નિષ્ઠાવાન યુવાનોએ તલવાર રાસ દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું.

ઓનલાઈન સ્વામિનારાયણ મહામંત્ર લેખનકાર્ય

www.swaminarayanmahamantra.com

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'**ના ઉપક્રમે પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય અને ભવ્ય **'૩૬મો જન્મોત્સવ'**ના દિવસે 'ઓનલાઈન સ્વામિનારાયણ મહામંત્ર' લેખનકાર્ય ખુલ્લુ મૂકવામાં આવ્યું છે.

'www.swaminarayanmahamantra.com' વેબસાઈટ ઉપર તમારું નામ **રજીસ્ટર કરાવીને** 'ઓનલાઈન સ્વામિનારાયણ મહામંત્ર' લેખન કરી શકાશે.

જે હરિભક્ત ૧,૦૦,૦૦૦ ઓનલાઈન મહામંત્રનું લેખન કરશે તેમને ડીસેમ્બર-૨૦૧૦, ગઢપુર મુકામે થનાર આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'**માં **'સ્મૃતિભેટ'** આપવામાં આવશે. અને જે હરિભક્ત મહોત્સવમાં હાજર ના રહિ શકે તેમને પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તરફથી **'આશીર્વાદ પત્ર'** આપવામાં આવશે.

પ.પૂ. લાલજી મહારાજશ્રીને

મહાનુભાવો દ્વારા ભાવપુષ્પાંજલિ

પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૩૭મા જન્મોત્સવ પ્રસંગે તેઓશ્રીને શુભકામનાની સાથે વધાવવા અનેક ધામોથી સંતો-મહંતો તેમજ શહેરના અગ્રગણ્ય રાજદ્વારી મહાનુભાવો, અગ્રગણ્ય ઉદ્યોગપતિઓ અનેક અધિકારીઓ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના લાખોની સંખ્યામાં ભક્તો અનેક શહેરો, નગરો, ગામોગામથી પધારીને કલાત્મક હાર, ચાદર, પુષ્પગુચ્છ વગેરેથી પ.પૂ. લાલજી મહારાજશ્રીને ભાવપુષ્પાંજલિ અર્પણ કરી હતી

પ.પૂ. લાલજી મહારાજશ્રીના

અંતરના રૂડા આશીર્વાદ...

આજે સમગ્ર સત્સંગ સમાજે જે અમને **શુભેચ્છાઓ** પાઠવી છે, હૃદયથી **પ્રેમની** જે **વર્ષા** કરી છે તેનો હું **અંતરથી આભાર** માનું છું.

આપણે બધા ભગવાન શ્રીહરિના ઋણી છીએ. આપણને મનુષ્ય શરીર આપ્યું, સદ્‌બુદ્ધિ આપી, ઈન્દ્રિયો આપી, ભગવાનની ભક્તિ થાય તે માટે સુંદર સત્સંગનો યોગ કરાવ્યો. આ બધામાંથી જીવાત્મા મુક્ત થવા પ્રયત્ન કરે તોપણ ન થઈ શકે. જીવાત્માનું શ્રેય જેમાં થવાનું હોય, **અક્ષરધામમાં જવાનું સાધન ભગવાને આપણને આપ્યું હોય ત્યારે** તેમનું **ઋણ** આપણે ક્યારેય અદા ન કરી શકીએ.

ભગવાનને જ્યારે પૂછવામાં આવ્યું કે, **તમારા ઉપર કોનું ઋણ છે ?** ત્યારે ભગવાને કહ્યું કે, અમારા ઉપર ભક્ત પ્રહ્લાદનું, મીરાંબાઈનું, ભક્ત સુદામાનું ને નરસિંહ મહેતાનું, વૃંદાવનની ગોપિકાઓનું ઋણ છે. **જેમણે અમને નિઃસ્વાર્થ પ્રેમ આપ્યો** એ સર્વેનું અમારા ઉપર **ઋણ** છે.

જો ભગવાન કોઈનું ઋણ સ્વીકારતા હોય તો આજે સૌ કોઈએ અમને જે **નિઃસ્વાર્થ પ્રેમ** આપ્યો છે એ ઋણને અદા કરવા અમે અમારી **અસમર્થતા** જાહેર કરીએ છીએ. તમારા પ્રેમ અને તમારી આ લાગણીઓ માટે હું **સદા ઋણી** રહીશ.

સુરતના ભક્તોએ આજે અમને **હાથીની અંબાડી** ઉપર બેસાડ્યા, આ **સિંહાસન** ઉપર બેસાડ્યા એ લૌકિક દૃષ્ટિએ **આનંદનો પ્રસંગ** હશે. પરંતુ અમારા મતે અમને **અનુભૂતિ** થઈ છે કે **આજે આ સત્સંગ સમાજે અમને પોતાના હૃદયમાં બેસાડ્યા છે.** આનાથી વિશેષ મારા માટે કોઈ **આનંદ** કે કોઈ **પારિતોષિક** નથી.

મને તો ગર્વ છે કે **મારો પરિવાર આટલો વિશાળ છે.** સવારે માતુશ્રીનો ફોન આવ્યો ત્યારે પહેલો પ્રશ્ન એ કર્યો કે 'ઉંઆ... ઉંઆ...' કર્યા કે નહિ ? એટલે આજે ખરેખર અમે **બાળક** છીએ.

આજના દિવસે **સમગ્ર બ્રહ્માંડોના માલિક** ધર્મકુળમાં પ્રગટ થઈને જેમણે ધર્મકુળને **ગૌરવ પ્રદાન** કર્યું છે એવા અનંતકોટિ બ્રહ્માંડોનો અધિપતિ **ભગવાન શ્રી સ્વામિનારાયણ,** જે ભગવાન શ્રી સ્વામિનારાયણને આ ભૂમંડળ ઉપર પ્રગટ થવાના નિમિત્ત બન્યા એવા **ધર્મપિતા** અને **ભક્તિમાતા**ના ચરણારવિંદમાં **સમગ્ર આચાર્ય પરિવાર** કે જેમની **ઉત્તરોત્તર પરંપરા**ની અંદર અમને સમજણ, ભગવાનની શુદ્ધ અને સર્વોપરી ઉપાસનાના બીજ જેમણે અમારા જીવનમાં રોપ્યાં એવા સમગ્ર આચાર્યશ્રીઓ, માતુશ્રીઓ અને ખાસ કરીને આજે કાંઈ સત્સંગમાં અમે કાર્ય કરી રહ્યા છીએ, તે તો અમારો **બાહ્ય દેખાવ** છે, પણ **અમારા પીઠની પાછળ તથા અમારા અંતરમાં જેમની સંકલ્પશક્તિ કાયમ કામ કરતી રહી છે તેવા પિતાશ્રી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી** તથા **પ.પૂ. માતુશ્રી**ના **ચરણારવિંદમાં નતમસ્તક** થઈને આજના દિવસે **કોટિ કોટિ વંદન** કરું છું.

આજે આ પ્રસંગે એક વાત ચોક્કસ અમને યાદ આવે કે શ્રીજીમહારાજે ધર્મકુળના બે બાળકોને પોતાના ખોળામાં બેસાડીને જનોઈ આપેલી છે. તેમાં એક **રામશરણજી મહારાજ** અને બીજા **હરિસહાયજી મહારાજ.** રામશરણજી મહારાજની ઉંમર તે વખતે ૮ વર્ષની હતી ત્યારે શ્રીજીમહારાજે યજ્ઞોપવીત સંસ્કારમાં **સમાવર્તન વખતે** તેમને કહ્યું કે, બેટા ! કાંઈક માંગો...!! ત્યારે અમારા દાદા એ રામશરણજી મહારાજે એવું **વરદાન** માંગ્યું કે, 'મહારાજ ! જો આપ રાજી જ થયા હો તો **એવી કૃપા** કરો કે **અમારા કુળમાં કોઈ અધર્મી અને કુપાત્ર પેદા ન થાય.'**

તો અમારા દાદા - રામશરણજી મહારાજની પરંપરાકુળમાં અમને જન્મ મળ્યો છે. એ માટે આજે સમગ્ર ધર્મકુળ પરિવારના ચરણારવિંદમાં **નતમસ્તક** થઉં છું.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ એક સુંદર પદ લખ્યું છે. એમાં **બે પંક્તિ** બહુ સરસ છે :-

'કુલ આપનમહિં જન્મ દિયો તુમ, લોગ કહે ધન્ય ભાગ્ય અપારા; કૈસે બરનઉં ધન્ય ભાગ્ય હમારા...'

શબ્દોથી વર્ણન ન થાય તેવી સુંદર આજના આ દિવસે અમને **અનુભૂતિ** થાય છે.

અગ્નિ પ્રકાશથી જૂદો ન રહી શકે, તેમ જ્યારે જ્યારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સંકલ્પથી અને ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રેરણાબળથી કાર્યનો આરંભ કર્યો હોય ત્યારે **અવિરત પ્રકાશ**ની જેમ સતત અમારી સાથે રહેતા આ **ભગવી ફોજ** અમારા આ **સર્વે સંતો**એ અમારા પ્રત્યે જે **લાગણી** દર્શાવી છે, તેમના માટે ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં આજે ચોક્કસ **પ્રાર્થના** કરું કે, ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિની અંદર એમને ખૂબ **અભિવૃદ્ધિ** કરાવે, ભગવાન શ્રીહરિએ સ્થાપેલા સિદ્ધાંતો ઉપર સ્વયં ખૂબ દૃઢતાથી-મક્કતાથી ચાલે છે તેમ હજારો ભક્તોના એ આદર્શ બને એવી શ્રીજીમહારાજ તેમના ઉપર કૃપા વરસાવે એવી પ્રાર્થના કરું છું.

આજે મારી સામે આજે **લાખોનો સમુદાય** બેઠો છે એ મારો **વિશાળ પરિવાર** છે, એ જ મારી ભુજાઓ છે, એ જ મારી શક્તિ છે - જે કામ કરે છે. શરીર માત્ર વચ્ચે **મધ્યસ્થ તરીકે** બેઠું છે, પણ જો કોઈ શક્તિ કામ કરતી હોય તો આ **યુવાનો** છે. મારા આ **મિત્રો** છે, જે **રાત્રિ-દિવસ જોયા વગર** આજે અમારા વચને કાર્ય કરવા માટે તત્પર થયા છે.

પહેલા તો અમે જન્મોત્સવ ઉજવવાની ના કહેતા હતા, પરંતુ આજે આ તમારો બધાનો **પ્રેમભાવ** દૃષ્ટિએ જોયો ત્યારે અમને ખરેખર **આનંદ** થયો છે ને તમને બધાને હૃદયથી **ધન્યવાદ** આપું છું.

અને અમારા માટે તો તમારું **સર્વોપરિ પારિતોષિક** જો કોઈ હોય તો એ **ભગવાનનો સિદ્ધાંત** અને **ભગવાનની ભક્તિ** જ છે. તમે આ બેમાં વળગી રહો એટલે અમે રાજી. માટે રાજી કરવા માટે કોઈ વસ્તુ-પદાર્થની કે એવી માયિક પદાર્થોની મારે જરૂર નથી. મારે માત્ર **ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંતો** - જે **પ.પૂ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સંકલ્પ** કર્યો છે કે, **આ જીવાત્માનું કલ્યાણ ભગવાનના સિદ્ધાંતમાં છે, ભક્તિમાં છે** એના સિવાય જીવાત્મા ભલે કદાચ મોટા દેખાવ કરી શકે કે દુનિયાની મોટપ મેળવી શકે, પણ ભગવાનનો રાજીપો, ભગવાનનું ધામ તો **ધર્મમાં વર્તવાથી, સિદ્ધાંતમાં વર્તવાથી** અને **ભક્તિ કરવાથી** જ મળશે.

આજના દિવસે **મારા હૃદયની લાગણી** પણ વ્યક્ત કરવા ઈચ્છું છું કે, એમ કહેવાય છે કે **'ડાંગ મારે પાણી છૂટા ન પડે.'** એક વખત એવું બને કે શાંત શિતળ પાણી હોય તેમાં કોઈ પથ્થર નાંખે તો એમાંથી પાણીના બુંદ, પરપોટા તે પાણીની સપાટીથી છૂટા પડીને ઉપર ઉછળે, પણ એ ઘણા સમય સુધી છૂટી રહી શકે નહી. તે વળી પાછી ઊડીને તળાવમાં જ પડે. તેમઆજે જ્યારે લાખો હરિભક્તો અહિં ઉપસ્થિત છે ત્યારે **ભગવાન શ્રી સ્વામિનારાયણના દિકરા તરીકે** મારી તમને સૌને એટલી જ **ભલામણ** છે કે, 'કોઈક (વિઘ્નસંતોષી-) પાપીએ આ સંપ્રદાયની અંદર ડાંગ મારી છે, **આ સંપ્રદાયનું પાણી છૂટું ન પડવા દેશો,** સંપ્રદાય મજબૂત જો કરવો હોય, **ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંતોને મજબૂત કરવા હોય તો** જેમએ છૂટી પડેલી બૂંદો વળી પાછી એ સાગરની અંદર કે પાણીમાં ભળી જાય છે તેમ**ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલા એ સિદ્ધાંતોને શરણ થઈ જજો.'** ભગવાન શ્રી સ્વામિનારાયણ તમારું પણ કલ્યાણ કરે અને **અમારા મનમાં ક્યારેય પણ કોઈના માટે દ્વેષભાવ** કે રાગ-દ્વેષનો પ્રશ્ન જ એટલા માટે નથી આવતો કે **અમે તમને બધાને પોતાના જાણીએ છીએ.** અમે તમને અમારા જાણીએ છીએ માટે તમારી અમને ચિંતા થાય છે.

પ.પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એમ કહેતા કે, 'હું જીવતો છું ત્યારે તો સત્સંગ કરાવું છું, પરંતુ **મારા હાડકાં પણ સત્સંગ કરાવશે.'** અને આ સંકલ્પને પિતાજી **પ.પૂ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ચરિતાર્થ** કર્યો ને આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના **અસ્થિકળશ** લઈને પ.પૂ મહારાજશ્રી ગામેગામ ફર્યા ને **ધૂન-ભજન-કીર્તનો** કર્યાને કરાવ્યાં. તેમ પ.પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શબ્દો શ્રીજીમહારાજે સાકાર કર્યા તેમ આજે અમે પણ મહારાજ પાસે એટલી જ **પ્રાર્થના** કરીએ કે, **'આ શરીર જ્યાં સુધી રહે ત્યાં સુધી આ સત્સંગની સેવા થાય, આપના સિદ્ધાંતો માટે, આપના સ્થાપેલા સંપ્રદાય માટે અને આપની ભક્તિ-ઉપાસના માટે હરહંમેશ અમે કાર્ય કરતા રહીએ** અને એ કાર્યમાં અમને **તમારા બધાનો સાથ-સહકાર પણ મળતો રહે** એવી અપેક્ષા રાખી, ભગવાન શ્રીહરિ સૌનું મંગળ વિસ્તારે એવી પ્રાર્થના કરું છું.'

પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૩૭મા જન્મોત્સવે

મહાનુભાવો દ્વારા અભિવ્યક્ત શબ્દપુષ્પાંજલિ...

સુરત શહેરને આંગણે તા. ૫-૩-૨૦૧૦ ફાગણ વદ રંગપંચમીના શુભ દિને ઉજવાયેલ **પ.પૂ. લાલજીમહારાજ ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**નો દિવ્ય અને ભવ્ય **'૩૭મો જન્મોત્સવ'** અને સાથે સાથે આપણા સૌના હૃદયને ભક્તિના રંગે રંગતો **'રંગપંચમીનો રંગોત્સવ'**માં પધારેલ સંતો-મહાનુભાવોએ પ.પૂ. લાલજી મહારાજશ્રી માટે હૃદયથી ઉદ્‌ગારેલ શબ્દોને ભાવશબ્દપુષ્પાંજલિ રૂપે હવે પછીના પૃષ્ઠોમાં તેમની અનુભૂતિની એક ઝલક પ્રસ્તુત છે.

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર

જ્યારે પ્રતિભા ખીલે ત્યારે પ્રતિષ્ઠા આપોઆપ જ ખીલે છે, જ્યારે **કમળ ખીલે ત્યારે** ભ્રમર આપોઆપ જ તેની પાસે દોડીને આવતું હોય છે, જ્યારે **સૂર્ય પ્રગટ થાય ત્યારે** અંધકારનો એની મેળે જ નાશ થતો હોય છે. તેમપ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રતિભા જ એવી છે કે, લાખો લોકોને ખેંચી લે છે. **'ચેરી જેના ઘા વખાણે'** એવી અદ્‌ભુત **પ્રતિભા** છે.

લાખો કાચના ટૂકડાઓની વચ્ચે **હીરો** પોતાનો **ચળકાટ** છૂપો રાખી શકતો નથી, તેમ સંપ્રદાયના લાખો હરિભક્તોના હૃદયમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાનું જમાવ્યું છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના વિચારો બહુ દિવ્ય છે, એમના વિચારોમાં ક્યારેય અમે નેગેટિવ વિચાર જોયો નથી. કોઈ પ્રત્યે તેમના હૃદયમાં ઘૃણા જોઈ નથી. સર્વ કોઈનું તેમના હૃદયમાં સ્થાન છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું મોટામાં મોટું સદ્‌ભાગ્ય છે કે તેને પ.પૂ. લાલજી મહારાજશ્રી જેવા સુકાની મળ્યા છે. આનાથી આ સંપ્રદાયનું કોઈ મોટું ભાગ્ય ન હોઈ શકે.

પૂ. કો. શા. સ્વામી શ્રી ધનશ્યામવલ્લભદાસજી - ગઢપુર

જે મહાપુરુષના આપણે દર્શન કરી રહ્યા છીએ, એ કોઈ માનવકોટિમાં આવે એવા એ મહાપુરુષ નથી. એમને મહામાનવની ઉપમા આપીએ તોપણ ઓછી છે.

આપણે જેના દર્શન કરી રહ્યા છીએ, જેમનો જન્મોત્સવ ઉજવવા માટે આપણને આટલો બધો ઉમંગ અને ઉત્સાહ છે એ મહાપુરુષને આ જીહ્વાથી ઉપમા આપી શકાય તેમનથી. છતાં પણ એટલું તો જરૂર કહી શકીએ કે, જેમણે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રત્યક્ષ દર્શન નથી કર્યા, તેમના **હાલતા-ચાલતાં સ્વરૂપની ઝલક** જો કોઈને જોવી હોય તો આપણે આ પ.પૂ. શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીમાં એ દર્શન કરી શકીશું.

માત્ર ૯ દિવસની સાધનાને અંતે આ **મહાસમૈયો** ઉજવાઈ રહ્યો છે. ૯ મહિના નહિ, ૯ વર્ષ સુધી મહેનત કરવામાં આવે તોપણ આવી સફળતા ન મળે. આ **સ્વયં જાગૃતિ** છે.

આજના દિવસે હાથીની અંબાડી ઉપર વિરાજમાન પ.પૂ. લાલજી મહારાજશ્રીનું જેમણે ભાવે-કુભાવે પણ દર્શન કર્યું હશે, તેમની સામે પુરુષોત્તમનારાયણે હાથ લાંબો કરી લીધો છે, આપણે હાથ સંતાડી દેશું તોપણ તેઓ ખેંચીને લઈ જશે.

આપણે શ્રીજીમહારાજ પાસે પ્રાર્થના કરીએ કે, અમારા વ્હાલાસોયા પ.પૂ. લાલજી મહારાજશ્રી 'શતં જીવેમ શરદઃ' સો વર્ષની આયુષ્ય સુધી સત્સંગની આવીને આવી સેવા કરતા રહે અને તેઓશ્રીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય કલ્પો સુધી ચાલ્યા કરે.

પૂ. એસ. પી. સ્વામી - ગઢપુર

છેલ્લા દશ વર્ષથી પ.પૂ. લાલજી મહારાજશ્રીનું જે **અભિયાન** છે તેનાથી સંપ્રદાયમાં એક એવી **ક્રાંતિ** આવે છે અને એ **ક્રાંતિની લહેર**ને જો કોઈએ જોવી હોય તો આ **યોગીચોક**માં પ.પૂ. લાલજી મહારાજશ્રીના **જન્મોત્સવ**માં આવવું પડશે. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ જે **અથાગ પરિશ્રમ** કર્યો છે **તેનું પરિણામ** આજનો આ **માહોલ** છે. આ સંપ્રદાયમાં હવે ક્રાંતિ અને શાંતિ થવાની છે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ છેલ્લા સાત વર્ષથી સત્સંગમાં વિચરણ કરી સંપ્રદાયના એક-એક હરિભક્તોને એકસૂત્રથી બાંધ્યા છે. આ દેશમાં સૂર્યકુળમાં રઘુ નામના રાજા થયા તો તે કુળ **રઘુવંશ** તરીકે ઓળખાયું. એવા અનેક યુવરાજો આ દેશમાં પ્રગટ થયા કે જેનાથી રાજની પ્રતિભાઓ બદલાઈ ગઈ. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની અંદર બસ્સો વર્ષ પછી પ.પૂ. શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ એક એવા લાલજી પ્રગટ થયા કે આ સંપ્રદાયના ઈતિહાસમાં પ.પૂ. શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું નામ સુવર્ણઅક્ષરે લખાશે. આજે સંપ્રદાયના **તમામ અનુયાયીઓ** પ.પૂ. લાલજી મહારાજશ્રીને સંપ્રદાયના **અનુગામી વારસદાર** તરીકે સ્વીકારે છે અને તેની પ્રતીતિ કરાવવા માટે આજે લાખોની સંખ્યામાં ભક્તમેદની અહિં (યોગીચોકમાં) ઉપસ્થિત છે.

પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી - ખોપાળા



પ.પૂ. લાલજી મહારાજશ્રીની દૃષ્ટિ ભગવાન શ્રી સ્વામિનારાયણની જેમ હંમેશા અમી જ વરસાવતી રહી છે. એમના વેણ હંમેશા ભગવાન શ્રીહરિના સ્વરૂપની ઝાંખી જ કરાવતા રહ્યા છે. તેઓશ્રીના દર્શન કરતા હોઈએ તો એવું લાગે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કરીએ છીએ. તેઓશ્રી જ્યારે બોલતા હોય ત્યારે શ્રીજીમહારાજે વચનામૃતના જે પીયુષ પાયા હતા તે કેવા પાયા હશે તેની ઝાંખી થાય છે. તેઓની નસેનસમાં ભગવાન શ્રીહરિનું લોહિ વહી રહ્યું છે. **'આ અમારુ અપરસ્વરૂપ છે'** - એમ ખુદ ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું છે એવા અપરસ્વરૂપ પ.પૂ. લાલજી મહારાજશ્રીના જેમણે જેમણે ભાવે-કુભાવે દર્શન કર્યા હશે તે સર્વે અક્ષરધામના અધિકારી થઈ જ ગયા છે, એમાં શંકાને કોઈ સ્થાન જ નથી.

મા. શ્રી સિદ્ધાર્થભાઇ પટેલ (પ્રમુખશ્રી, કોંગ્રેસ - ગુજરાત પ્રદેશ)

પ.પૂ. લાલજી મહારાજશ્રીને એમના જન્મદિવસે **ખૂબ ખૂબ શુભેચ્છાઓ...** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં લાલજી પદ ઉપર રહી સમગ્ર ગુજરાતમાં નહિ, સમગ્ર **દેશમાં સૌથી વધુ પરિભ્રમણ** જો કોઈએ કર્યું હોય તો તે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**એ કર્યું છે. અને આ સંપ્રદાયનો બસ્સો વર્ષનો ઈતિહાસ તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સંદેશો જન-જન સુધી પહોંચાડ્યો છે, યુવાનોના હૃદય સુધી પહોંચ્યા છે અને ક્રાંતિ તથા શાંતિનો એક મજબુત સંદેશો યુવાવર્ગને આપ્યો છે.

સત્યને માટે લડવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે પ.પૂ. લાલજી મહારાજશ્રી ક્યારેય પાછા પડ્યા નથી. અને એનાથી વિશેષ કે કપરામાં કપરો સમય હોય, તેમ છતાંય તેઓશ્રીની વાણીમાં મેં ક્યારેય કટૂતા જોઈ નથી.

એમના સંબંધોની સાહજીકતા અને એમની સરળતાએ મને હંમેશા તેઓશ્રીના તરફ આકર્ષ્યા છે.

મા. શ્રી પૂર્ણેષભાઇ મોદી (સુરત શહેર ભાજપ પ્રમુખ)

આજે સુરત શહેર ખરેખર ધન્ય થઈ રહ્યું છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીનો **૩૭મો જન્મોત્સવ** આજે ઉજવાઈ રહ્યો છે ત્યારે પ.પૂ. લાલજી મહારાજશ્રીના **શ્રીચરણોમાં પ્રાર્થના** કરીએ કે આવો જ એક **મહામહોત્સવ** ૧૪ વર્ષ પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૫૧ વર્ષ પૂર્ણ થાય ત્યારે સુરતને આંગણે ફરીવાર ધામધૂમથી ઉજવાય એવી અમારી અભિલાષા છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સિંહાસન તે **ભગવાન શ્રી સ્વામિનારાયણનું સિંહાસન** છે. અને આજે ભારતીય જનતા પાર્ટી એ સ્પષ્ટ કરે છે કે, **અમારા રાજસિંહાસન કરતા આ સિંહાસન અનેકગણું શ્રેષ્ઠ છે,** અનેકગણું ઊંચું છે અને એજ **સર્વોપરિ** છે. તેમજ આ સિંહાસન સમાજનું એક **સર્વોચ્ચબિંદુ** છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૩૭મા જન્મોત્સવની

ધામધૂમ અને દબદબાપૂર્વક ઉજવણી...

આજે પોતાના ૩૭મા જન્મોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌપ્રથમ ઠાકોરજીનું વિપ્રો દ્વારા ઉચ્ચારિત વેદોક્તમંત્રોથી પૂજન-અર્ચન કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પણ અર્ચન-પૂજન અને નતમસ્તકે વંદન કરીને ભારતીય હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે જન્મદિન ઉજવણી કરી હતી ત્યારે વિરાટ હરિભક્ત સમુદાયે તાળીઓ અને જયજયકારના ધ્વનિના સૂરો સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીને વધાવ્યા હતા.









પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંગે રંગભીનો રંગોત્સવ

રંગ કી ધૂમ મચાઇ રે, રંગભીનૈ સાંવરે...

'રંગગાગર ઢોળે રંગભીનો, ફાટે ફાટે ઉડાડે અબીલ;
રંગમાં રસબસ શોભે રસિયો,
એ તો સુંદર શ્યામ શરીર...'

આજે રંગપંચમી હોવાથી ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉજવેલ રંગોત્સવની દિવ્ય લીલાની સ્મૃતિ સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રંગોત્સવનો પ્રારંભ કર્યો હતો. ઠાકોરજીના પ્રાસાદિક અબીલ-ગુલાલ સહિત કેસરીયા રંગનું પિચકારી વડે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સંતો અને હજારો હરિભક્તો પર રંગવર્ષણ કર્યું હતું ત્યારે સૌમાં એક અપૂર્વ આનંદ ભરતી ઊભરાતી હતી. આ અદ્‌ભૂત આધ્યાત્મિક રંગથી રંગાઈને દિવ્ય અક્ષરધામતુલ્ય સુખ પ્રાપ્ત કરી સૌ આ દિવ્ય પળની પ્રતિક્ષા સાથે, આજના અલૌકિક મહોત્સવની સ્મૃતિઓને હૃદયપટ પર અંકિત કરીને જન્મોત્સવના હરખમાં રંગોત્સવના દિવ્ય અમીછાંટણાને માણતા-માણતા વિખરાયા ત્યારે દરેકના મુખે એક જ અવાજ ગૂંજતો હતો : 'ઐસે રંગ રંગો માંહી, કિ રંગ નાંહી છૂટે; ધોબિયા ધોયે ચાહે સારી ઉમરીયાં, રંગ દે ચુનરીયા...

પ.પૂ. લાલજી મહારાજશ્રીના **૩૭મા જન્મોત્સવના પડઘમ** જન-જન સુધી પહોંચાડવા માટે રાજ્યના વર્તમનાપત્રો, ટીવી ચેનલો તેમજ ઈન્ટરનેટ વેબસાઈટ્સ દ્વારા **પ્રસાર-માધ્યમ** બનાવાયું હતું. દિવ્ય ભાસ્કર, ગુજરાત સમાચાર, સંદેશ, ગુજરાત મિત્ર, અકિલા, સાંજ સમાચાર, ફુલછાબ, જયહિન્દ, વગેરે દૈનિક અખબારોએ **મહોત્સવના સમાચારો** છાપ્યા હતા.

આ **મહોત્સવની જાહેરાત માટે** સુરત શહેરની સાથે સાથે પુરા ગુજરાતના ભરુચ, વડોદરા, આણંદ, ખેડા, નડિયાદ, ભાવનગર, અમરેલી, સાવરકુંડલા, મહુવા, રાજકોટ, જેતપુર, માણાવદર, જામનગર, જૂનાગઢ વગેરે મુખ્ય શહેરોમાં **૫૦૦૦થી વધારે હોર્ડિંગ બોર્ડ** લગાડવામાં આવ્યા હતાં.

આ મહોત્સવનું **લાઈવ પ્રસારણ** 'સાધના' ચેનલના માધ્યમથી ભારત સહિત વિશ્વના **૧૫૬ દેશોમાં લાઈવ** કરવામાં આવ્યું હતું. તેમજ મહોત્સવની **દિવ્ય આભાને** ભક્તજન સમુદાય સુધી પ્રસરાવવા માટે આજતક, સ્ટાર ન્યૂઝ, ઝી ન્યૂઝ, ઈ.ટીવી, ઈન્ડિયા ટીવી વગેરે **ન્યૂઝ ચેનલોના** મીડીયા પત્રકારોએ **મહોત્સવની ઝલક**નું પ્રસારણ કર્યું હતું.

વડોદરા શહેરને આંગણે ઉજવાયો

પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૩૭મો જન્મોત્સવ...

તા. ૭-૩-૨૦૧૦, ફાગણ વદ **રંગસપ્તમી**ના રોજ વડોદરા શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીનો **૩૭મો જન્મોત્સવ** અતિ ધામધૂમથી ધર્મકુળ આશ્રિત **શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ** દ્વારા ભક્તિભાવ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ મહોત્સવની **શુભકામના** વ્યક્ત કરવા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી, પૂ. જીજાજી, પૂ. બંને બહેનો, પૂ. ફૈબા અને પૂ. લાલીરાજા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ સમયોચિત ખૂબજ મનનીય પોતાની અદ્‌ભુત બાળવાણી આ પ્રમાણે વ્યક્ત કરી હતી :-

આજે તો અમે ખૂબ બડભાગી છીએ કે પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમ પવિત્ર એવા ધર્મકુળ પરિવારની અંદર અમને જન્મ મળ્યો છે.

ઘણી વખત અમે કહીએ છીએ ને મનન કરીએ છીએ કે, આ સંસારની એવી કોઈ સિદ્ધિ નથી, આ સંસારની, આ જગતની, આ બ્રહ્માંડની એવી કોઈ પદવી કે સ્થિતિ નથી કે જેના તોલે આ **શ્રીજીમહારાજના દિકરા થવાનું સૌભાગ્ય** આવી શકે. એટલે આ પ્રસંગે ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદમાં **નતમસ્તક** થઈ, હું **હૃદયનો ભાવ** વ્યક્ત કરું કે - તેઓએ મને આ કુળમાં

જન્મ આપ્યો, સાથે સાથે ધર્મપિતા-ભક્તિમાતા અને સમગ્ર ધર્મકુળના વડિલો, પૂર્વે આચાર્યશ્રીઓના ચરણારવિંદમાં **વંદન** કરવા એ અમારું **કર્તવ્ય** અને અમારો **અધિકાર** છે. આજે ગૌરવ એ વાતનું પણ છે કે, આજે જે પણ મારામાં શું ગુણ છે ? શું નથી ? એની કાંઈ વ્યાખ્યા કે કાંઈ વખાણ સાંભળવા એવી કોઈ ઈચ્છા હોતી નથી. કાયમ હું સંતોને કહેતો પણ હોઉં છું કે **આજે જે કાંઈ પણ અમારામાં સંસ્કાર કે જે કાંઈ પણ ગુણ છે તેની પાછળનું** કોઈ **પ્રેરણાસ્રોત્ર** હોય તો તે છે - જેમણે એમાં બીજ રોપ્યા છે તો એવા **અમારા દાદા પ.પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** અને **પ.પૂ. માતુશ્રી.** મને કંઠી ને ગુરુમંત્ર પ.પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આપેલા છે.

સાથે સાથે આ જીવનમાં અમને જન્મ આપીને હરહંમેશ જીવનની અંદર સજાગતા અને ખબરદારપણું એ ઘડીને તૈયાર કર્યા છે, કોઈવખત વઢીને, કોઈવખત આકરા થઈને તો કોઈવખત લાડ કરીને કે કોઈવખત ગરમી દઈ તો કોઈવખત ઠંડા કરીને, એક વાતનું મને કાયમ અનુસંધાન જેમણે કરાવ્યું છે કે એટલો વિચાર રાખજો કે **આપણી પાછળ સ્વામિનારાયણનું નામ** જોડાયેલું છે. એવા પિતાજી **પ.પૂ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. માતુશ્રી**ના ચરણારવિંદમાં આજના દિવસે **નતમસ્તક** થાઉં છું. એ મારા પરિવારે જે મને આપ્યું છે એનો હું આભાર ક્યા શબ્દોમાં વ્યક્ત કરું ? એનું શું હું વર્ણન કરું ? પરંતુ આજના દિવસે ચોક્કસ એટલી તમારા બધા પાસે અમારે બીજી કોઈ ભેટ કે પારિતોષિકની અભિલાષા નથી, પણ જન્મદિવસ નિમિત્તે તમારે કાંઈપણ શુભેચ્છા કે ભેટ આપવી હોય તો એટલી ભેટ ચોક્કસ આપજો કે તમારા જીવનમાં રહેલા અંતઃશત્રુઓ, બાહ્યશત્રુઓ, વ્યસન-દૂષણ-કુસંગ આદિ જે કાંઈ પણ દુર્ગુણો હોય, રાગ-દ્વેષ મહત્વાકાંક્ષા આદિક કોઈપણ ભગવાનને પામવામાં **બાધારૂપ** બનતા હોય તેવા કોઈપણ **દુર્ગુણો હોય તેનો ત્યાગ કરશો** અને ભગવાન શ્રી સ્વામિનારાયણના **અણિશુદ્ધ સિદ્ધાંતમાં વર્તનારા** એવા સત્સંગી થશો એ અમારા માટે **બહુ મોટો ઉપકાર** બનશે.

આજે એ વાત કહેતા અમને આનંદ થાય કે આ અમારો **વિશાળ પરિવાર** છે, પણ પરિવારની પાસે મારે એક **અપેક્ષા** છે અને અપેક્ષા એ છે કે, આજે આટલી વિષમ અને વિકટ પરિસ્થિતિમાં પણ **પ.પૂ આચાર્ય મહારાજશ્રીની ભગવાન પ્રત્યે**

નિષ્ઠામાં અને વિશ્વાસમાં કોઈ ફેર પડ્યો નથી. તેમ આપણા જીવનમાં પણ આવા સમર્થ ગુરુ આપણને પ્રાપ્ત થયા છે ત્યારે એમની કદાચ બરોબરી ન કરી શકીએ પણ એમના **પદચિહ્નો** (અનુસરેલો માર્ગ) ઉપર ચાલીને પણ આપણે **ભગવાન શ્રી સ્વામિનારાયણનો રાજીપો** મેળવી શકીએ એવી આપણા મનમાં દૃઢતા અને સંકલ્પ કરીએ. ભગવાન શ્રીહરિએ બતાવેલા સિદ્ધાંતો અને પ.પૂ આચાર્ય મહારાજશ્રીએ બતાવેલા માર્ગ ઉપર ચાલીએ.

આજે **અમારા વતી** ભગવાન શ્રી સ્વામિનારાયણને ચોક્કસ તમે બધા પ્રાર્થના કરજો કે, **'અમારા હૃદયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસનાનું બળ છે એ ક્યારેય અધર્મ, વિમુખ કે અસુરો સામે ઝૂકે નહિ. અને અમારા હાથથી, અમારા કાર્યથી કે અમારા વચનથી કોઈ સાચા સંતનું હૃદય ન દુભાય** - આ બે પ્રાર્થના જરૂર કરજો.'

'ભગવાન જે કાંઈ શક્તિ અમને આપે તેનાથી છેલ્લા શ્વાસ સુધી સત્સંગની સેવા થાય અને શ્વાસ છોડ્યા પછી પણ અક્ષરધામમાં ભગવાનની સેવા થાય' - આ જ **અમારા જીવનનો લક્ષ્ય** છે, એ જ અમારા જીવનનો હેતુ છે અને એ જ અમારા માવતરે અમને શીખવાડ્યું છે, **એ જ અમારી પરંપરાએ અમને શીખવાડ્યું છે.** અને આ વાત અમારા જીવનમાં જેવી દૃઢ થઈ તેવી જ હજારો યુવાનોના હૃદયમાં દૃઢ થાય તેવી આજના દિવસે **શુભકામના** કરું છું.'

સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી

બરકાલ (જી. નર્મદા)ને આંગણે પ. પૂ. લાલજી મહારાજશ્રીના પવિત્ર નિશ્રામાં યોજાયેલ દેવોનો પ્રથમવાર્ષિક પાટોત્સવ (તા.૧૬-૨-૨૦૧૦)

કુરાલ (જી. વડોદરા)ને આંગણે યોજાયેલ નૂતન મંદિરમાં વિરાજમાન અર્ચાસ્વરૂપ દેવોનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ (તા.૧૬-૨-૨૦૧૦)

સમા (કાલોલ)ને આંગણે પ. પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ દેવોનો ૧૦મો વાર્ષિક પાટોત્સવ (તા.૭-૨-૨૦૧૦)

મિંઢોળને આંગણે પ. પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ દેવોનો ૯મો વાર્ષિક પાટોત્સવ (તા.૧૭-૨-૨૦૧૦)

વસઈને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૧૮-૨-૨૦૧૦)

મકરપુરા(વડોદરા)ને આંગણે યોજાયેલ શ્રીરામજી મંદિરના વાર્ષિક પાટોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા.૧૮-૨-૨૦૧૦)

વાંદરવડ(જી. જૂનાગઢ)ને આંગણે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ નૂતન મંદિરનો ભૂમિપૂજન શિલાન્યાસવિધિ (તા.૧૮-૨-૨૦૧૦)

ગઢપુરને આંગણે પ. પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ શ્રીહરિકૃષ્ણ મહારાજનો ૧૭૫મો વાર્ષિક પાટોત્સવ (તા.૧૯-૨-૨૦૧૦)

નાગનેશ (રાણપુર)ને આંગણે યોજાયેલ કથાપારાયણમાં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ. પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧૯-૨-૨૦૧૦)

નાના ફોફરીયા (વડોદરા)ને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૨૦-૨-૨૦૧૦)

કાલોલ (પંચમહાલ)ને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા (તા.૨૦-૨-૨૦૧૦)

જોળ (વડતાલ)ને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૨૧-૨-૨૦૧૦)

ખંભાતને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ ભવ્ય મહા સત્સંગ સંમેલન (તા. ૨૧-૨-૨૦૧૦)

એકલેરાને આંગણે યોજાયેલ નૂતન આવાસનો ઉદ્‌ઘાટન મહોત્સવ તથા દિવ્ય શાકોત્સવમાં પધારતા પ. પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૨૨-૨-૨૦૧૦)

તોરી (રામપર)ને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા (તા.૨૩-૨-૨૦૧૦)

નાના ગોખરવાળા (અમરેલી)ને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા (તા.૨૪-૨-૨૦૧૦)

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ - ચરોતર પ્રદેશ દ્વારા આયોજીત નડિયાદને આંગણે યોજાયેલ ભવ્ય 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'માં પ. પૂ. લાલજી મહારાજશ્રીની નવગજા ગજરાજ પર વિશાળ શોભાયાત્રા (તા. ૨૨ થી ૨૮ ફેબ્રુઆરી - ૨૦૧૦)

ગામડી ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના પવિત્ર નિશ્રામાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા (૬-૩-૨૦૧૦)

ખુનવાડને આંગણે તૈયાર થઈ રહેલ નૂતન મંદિરનું નિરક્ષણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (૬-૩-૨૦૧૦)

ખોપાળાને આંગણે યોજાયેલ મંદિરમાં વિરાજમાન દેવોનો વાર્ષિક પાટોત્સવ તથા કથાપારાયણ (તા. ૭-૩-૨૦૧૦)

વાંસખીલીયા (આણંદ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના કરકમળો દ્વારા નૂતન મુખ્ય પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન (તા. ૮-૩-૨૦૧૦)

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો તથા મહોત્સવો

ક્રમ	તારીખ	સ્થળ
૦૧	૮ થી ૧૪ એપ્રિલ - ૨૦૧૦	'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' મું. રામપર (તોરી) જી. અમરેલી સંપર્ક : વિનુભાઈ કોઠારી - મો. ૯૯૭૯૭૬૩૭૨૪, કરશનભાઈ - મો. ૯૭૨૭૪૬૮૫૪૩
૦૨.	૨૨ થી ૨૮ એપ્રિલ - ૨૦૧૦	'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' મું. કરકોલીયા તા. લાઠી, જી. અમરેલી સંપર્ક : મનસુખભાઈ - મો. ૯૯૨૫૨૯૮૨૮૬
૦૩.	૨૯ એપ્રિલ થી ૫ મે - ૨૦૧૦	'શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન પારાયણ' શ્રી રોકડિયા હનુમાનજી મંદિર, આણંદ સંપર્ક : મહેશભાઈ પટેલ - મો. ૯૯૭૯૬૧૧૦૪૪, હરિકૃષ્ણભાઈ પટેલ - મો. ૯૯૨૫૮૪૦૫૭૦
૦૪.	૬ થી ૯ મે - ૨૦૧૦	છઠ્ઠો શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ - સરધાર સંપર્ક : ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩
૦૫.	૧૦ થી ૧૬ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. વાંકિયા (રાજબાઈનું), તા.બાબરા , જી. અમરેલી સંપર્ક : પૂ. પતિતપાવન સ્વામી - મો. ૯૪૨૮૮૯૦૨૧૧
૦૬.	૧૪ થી ૧૬ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. ભાણવડિયા, તા.મહુવા, જી. ભાવનગર સંપર્ક : દેવચંદભાઈ - મો. ૯૨૨૮૧૭૪૩૯૭
૦૭.	૧૫ થી ૧૯ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. ચાંદગઢ, તા. જી. અમરેલી સંપર્ક : વાલજીભાઈ - મો. ૯૮૨૪૭૧૦૦૪૦ જયંતિભાઈ - મો. ૯૯૭૯૦૧૬૨૪૫
૦૮.	૧૯ થી ૨૫ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. ગણેશગઢ, તા. સાવરકુંડલા, જી. અમરેલી સંપર્ક : કાંતિભાઈ - મો. ૯૯૭૪૯૨૪૨૨૯ અરવિંદભાઈ - મો. ૯૮૨૫૬૪૬૯૪૯
૦૯.	૨૧ થી ૨૩ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. ચાંપાથળ, તા.જી. અમરેલી સંપર્ક : જગદિશભાઈ - મો. ૯૭૩૭૫૨૮૬૯૪
૧૦.	૨૧ થી ૨૩ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. ચરખડીયા, તા. સાવરકુંડલા, જી. અમરેલી સંપર્ક : હસમુખભાઈ - મો. ૯૯૨૫૧૪૨૪૫૧
૧૧.	૨૯ મે થી ૪ જૂન - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. કમીગઢ, તા. બગસરા જી. અમરેલી સંપર્ક : કો. શંભુભાઈ - મો. ૯૯૭૯૨૨૫૮૬૩
૧૨.	૪ થી ૧૦ જૂન - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. વડેરા, તા. જી. અમરેલી સંપર્ક : રમેશભાઈ - મો. ૯૯૭૪૮૭૨૨૭૯ બાબુભાઈ - મો. ૯૯૯૮૩૨૬૪૬૫

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

:: અભયદાન સત્સંગ સભા ::

-: સરધાર :-
તા. ૪-૪-૧૦, રવિવાર
સમય :- સવારે ૮ થી ૧

સ્થળ :- 'જય સ્વામિનારાયણ' કુવાડવા રોડ,
ભગવતી પાર્ક, રણછોડદાસ બાપુના આશ્રમની બાજુમા. રાજકોટ.
સંપર્ક :- નાનજીભાઈ ટમેટાવાળા, મો. ૯૯૦૪૨૨૬૦૧૦

-: રાજકોટ :-
તા.૨૭-૩-૧૦, શનિવાર
સમય :- રાત્રે ૯ થી ૧૧

સરધાર પધારો... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ બાળયુવા ધન બચાવો...

ભગવાન શ્રી સ્વામિનારાયણનું મહાન પ્રસાદિભૂત તીર્થધામ સરધાર

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે સરધારને આંગણે અતિ ભવ્ય છહ્રો



શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

તારીખ :- ૬-૫-૨૦૧૦ થી ૯-૫-૨૦૧૦ સુધી

ખાસ નોંધ :- આ મહોત્સવમાં ૧૫ થી ૪૫ વર્ષના તમામ પુરુષ તથા સ્ત્રીભક્તો એમ બંને લાભ લઈ શકશે.

મહોત્સવ સ્થળ 'શ્રી સ્વામિનારાયણ મંદિર' સરધાર, તા.જી. રાજકોટ.
ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩.

Visit us :- www.sardhadham.org, www.swaminarayanvadtalgadi.org E-mail :- sardharmandir@gmail.com

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની સાતમી

શ્રી સ્વામિનારાયણ ચારધામ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

તારીખ :- ૩-૮-૧૦ અષાઢ વદ - ૮ થી ૩૦-૮-૧૦ શ્રાવણ વદ - ૫ કુલ દિવસ :- ૨૮

દર્શનીય પવિત્ર તીર્થસ્થળો :- નાસિક, ત્ર્યબંકેશ્વર, પંઢરપુર, રામેશ્વર, શ્રીરંગક્ષેત્ર, તિરૂપતિ બાલાજી, જગન્નાથપુરી, ભૂવનેશ્વર, સાક્ષીગોપાલ, કાશી(વારાણસી), પ્રયાગરાજ-અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, કનખલ, લક્ષ્મણઝુલા, ઋષિકેશ, કેદારનાથ, ગુપ્તકાશી, બદ્રિનાથ, મથુરા, વૃંદાવન, ગોકુળ, રમણરેતી, દ્વારિકા, બેટદ્વારકા, નાગેશ્વર, ગોપીતળાવ, રાજકોટ

:: બુકિંગ માટે સંપર્ક ::

શ્રી સ્વા.મંદિર - સરધાર. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૯૪૨૮૮૯૦૨૧૧ (પૂ. પતિતપાવન સ્વામી). શ્રી સ્વા.મંદિર - શ્રીજીનગર - સુરત. મો. ૯૮૭૯૭૫૮૫૧૩. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ મો. ૯૮૨૫૧ ૩૪૧૦૮. શ્રી સ્વા.મંદિર - ડોંબીવલી. ફો. ૦૨૫૧-૨૪૫૩૮૭૫, મો. ૯૩૨૨૭૫૩૦૫૨. શ્રી સ્વા. મંદિર - બોરિવલી. ફો.નં. ૦૨૨ - ૨૮૯૦૩૭૧૭. શ્રી સ્વા. મંદિર - બગસરા. ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧ મનસુખભાઈ દહિસર. મો. ૯૮૩૩૫૧૫૧૭૨. અશોકભાઈ વિદ્યાનગર. મો. ૯૮૨૪૪૯૩૩૮૭. પ્રવિણભાઈ માનકુવા-ભુજ. મો. ૯૮૨૫૭૯૫૮૫૨. ગોવિંદભાઈ માનકુવા-ભુજ. મો. ૯૮૨૫૫૩૭૮૪૬. રાજુભાઈ સુખપુર-ભુજ. મો. ૯૮૭૯૭૩૪૪૩૫. ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ. મો. ૯૯૨૫૦૪૪૧૦૮. નાથાભાઈ અમદાવાદ. મો. ૯૮૭૯૧૩૨૩૧૨. શાંતિલાલ માણાવદર. મો. ૯૪૨૬૧૬૭૭૦૮. હિંમતભાઈ ધંધુકા. મો. ૯૪૨૮૪૯૯૩૦૮. અમરશીભાઈ ખાદી - ભાવનગર. મો. ૯૨૬૩૧૪૩૬૮.

આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

॥ શ્રી સ્વામિનારાયણ વિજયતેતરામ્ ॥

અહિંસામય યજ્ઞ તથા વિપ્ર પ્રિય ભગવાન શ્રીહરિની ડભાણ, જેતલપુર વગેરેમાં પ્રવર્તાવેલી સર્વહિતાવહ પરંપરાને જીવંત રાખવા રઘુવીરવાડી વડતાલ ખાતે પવિત્ર અધિક માસમાં પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં

અખંડ અધિક માસ શ્રીહરિયાગ યજ્ઞાનુષ્ઠાન

પ્રારંભ :- તા. ૧૫-૦૪-૨૦૧૦, અ.વૈશાખ સુદ - ૧

પૂર્ણાહુતિ :- તા. ૧૪-૦૫-૨૦૧૦ અ. વૈશાખ વદ - ૩૦

સ્થળ :- 'આચાર્યશ્રી નિવાસ' રઘુવીર વાડી - વડતાલ. સંપર્ક : પ.ભ. શ્રી નનુમામા - ૯૮૨૫૨ ૩૪૩૬૨

સુરત શહેરને આંગણે ઉજવાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૩૭મો જન્મોત્સવ

આપ પુનઃ નિહાળી શકો છો..॥ સાધના ॥ ચેનલ પર...

તારીખ :- ૨૭-૩-૨૦૧૦, શનિવાર સમય :- રાત્રે ૯ થી ૧૧.૩૦

Online :- www.swaminarayanvadtalgadi.org www.sadhna.com/live.html

વ્હાલા ભક્તજનો ! તા. ૫-૩-૨૦૧૦, ફાગણ વદ - ૫ (રંગપંચમી)ના રોજ સુરત શહેરને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણના આઠમાં વંશજ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પનોતા પુત્ર અને અનુગામી વારસદાર પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો તા. ૫-૩-૨૦૧૦ના રોજ દિવ્ય અને ભવ્ય '૩૭મો જન્મોત્સવ તથા રંગભીનો રંગોત્સવ' ઉજવાઈ ગયો. જેમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીને સત્કાર-સન્માન-વધાવવા અને તેઓશ્રીને સંગે રંગોત્સવને માણવા લાખો ભક્તજનો હાજર રહ્યા હતા. તો આવો આ દિવ્ય અને અલૌકિક મહોત્સવને 'સાધના' ચેનલના માધ્યમથી પુનઃ નિહાળીને જીવનને ધન્યભાગી બનાવીએ.

આજે જ આપના ઘરમાં વસાવો...

સુરત શહેરને આંગણે ઉજવાયેલ પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના '૩૭મા જન્મોત્સવ તથા રંગભીના રંગોત્સવ'ની **VIDEO DVD**

ફક્ત રૂ.૧૫/- માં

પ્રાપ્તિ સ્થાન : શ્રી સ્વા. મંદિર - સરધાર, ફો. નં. ૦૨૮૧- ૨૭૮૧૨૧૧
મો. ૯૮૭૯૭૫૮૫૦૩
શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર, સુરત. મો. ૯૮૭૯૭૫૮૫૧૩
શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી મુંબઈ. ફોન : ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫
શ્રી રઘુવીર વાડી - વડતાલ. ફોન : ૯૮૨૫૧૩૪૧૦૮

Shree Swaminarayan Chintan, March - 2010 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC

ગ્રેગારસ્ટ્રોટ ઓફ વ્યુટરસ્ટ્રોટ, ગોલ્ડ મેડલીસ્ટ વિદ્યાર્થીઓ

સારસાર ગામમાં પ્રવેશ

મહારાજશ્રીના ૩૭મા જન્મોત્સવે તેમણે શ્રીને ફરતાપૂર્વક ભાવાંજલિ અર્પણ કરવા ભક્તિભાવથી સ્વયંભુ ઉમટેલો વિશાળ જનસમુદાય

શ્રી રાજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૩૭મા જન્મોત્સવે સરદાર શહેરને ગાંગડો (ભગવાન શ્રી સ્વામિનારાયણના આઠમાં વંશજ પૂ. અનુગામી વારસદાર અને લાખો યુવક-હૃદયના ધબકાર પ.પૂ. સદ્ગુરુ ૧૦૮ શ્રી ઉદ્ધવપ્રસાદજી મહારાજશ્રી) સાનિધ્ય ધન્ય બન્યું.

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji

છબીકલા : શ્રીહરિ ડીજીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦, મુવી મેકર સ્ટુડીયો - સુરત. મો. ૯૩૨૮૧૭૮૮૯૯